આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આશુતોષ અંતાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:૨૬-૦૮-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## પ્રધાનમંત્રી-મન કી બાત કાર્યક્રમ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, દેશના યુવાનોને અંતરિક્ષ ક્ષેત્રે સુધારાથી ઘણો ફાયદો થયો છે.ગઈકાલે આકાશવાણી પરથી પ્રસારિત થયેલા મન કી બાત કાર્યક્રમમાં રાષ્ટ્રને સંબોધન કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, દેશમાં ઘણું એવું થઈ રહ્યું છે જેનાથી વિકસિત ભારતના પાયા મજબૂત બની રહ્યા છે.

તેમણે રાષ્ટ્રીય અવકાશ દિવસનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, આ મહિનાની 23 તારીખે દેશવાસીઓએ પહલો રાષ્ટ્રીય અવકાશ દિવસ અને ચંદ્રયાન -3ની સફળતાનો ઉત્સવ ઉજવ્યો. શ્રી મોદીએ કહ્યુ કે આ વર્ષે લાલ કિલ્લા પરથી યુવાનોને રાજકારણમાં જોડાવવાના તેમના અહ્વાનને બહોળો પ્રતિસાદ મળ્યો છે.

હર ઘર તિરંગા ઝુંબેશ વિશે વાત કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, જમ્મૂ કાશ્મીરના રિયાસીમાં વિશ્વના સૌથી ઉંચા પૂલ, ચિનાબ રેલવે પૂલ ઉપર 750 મીટર લાંબી તિરંગા યાત્રા કાઢવામાં આવી. જ્યારે અરૂણાચલ પ્રદેશના કામેંગ જિલ્લામાં 600 ફૂટ લાંબી તિરંગા યાત્રા નીકળી હતી. આ રીતે દેશના અન્ય રાજ્યોમાં દરેક વયના લોકો તિરંગા યાત્રામાં જોડાયા હતા.

વધુમાં શ્રી મોદીએ જન્માષ્ટમી, ગણેશ ચતુર્થી, ઓણમ, મિલાદ-ઉન્ન-નબ્બી અને તેલુગુ ભાષા દિવસની શુભેચ્છા પાઠવી હતી.

**(RNU અમદાવાદ)**

---

## ભુજ-પ્રધાનમંત્રી-લખપતિ દીદી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં જીલ્લા મથક ભુજના ટાઉન હોલ ખાતે ધારાસભ્યશ્રી કેશુભાઇ પટેલના અધ્યક્ષસ્થાને લખપતિ દીદી

કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત સ્વસહાય જૂથો/સખી મંડળને વિવિધ સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ભુજ વિસ્તારના ધારાસભ્યશ્રી કેશુભાઈ પટેલે જણાવ્યું હતું કે, છેવાડાનો માનવી કોઇપણ વિકાસથી વંચિત ન રહી જાય તે પ્રધાનમંત્રીશ્રી મોદીની નેમ છે , આ નેમ હેઠળ જ વિવિધ વર્ગ તથા વયજુથ માટે વિકાસ યોજનાઓ અમલી કરી છે. જેમાં મહિલાઓને પણ સ્થાન આપવામાં આવ્યું છે. મહિલાઓ પગભર બને તે માટે માત્ર આર્થિક નહીં પરંતુ તાલીમ સહિતની તમામ પૂરક સહાય સરકાર દ્વારા આપીને મહિલાઓને આત્મનિર્ભર બનાવવા સક્રીય કામગીરી કરવામાં આવી રહી છે. પ્રધાનમંત્રી લખપતિ દીદી, ડ્રોન દીદી, બેંક સખી, કૃષિ સખી, પશુ સખી બનવા માટે મહિલાઓને પ્રોત્સાહન આપી રહ્યા છે. ત્યારે મહિલાઓ પણ ઘરની બહાર કદમ મુકીને પોતાની શક્તિઓનો ઉપયોગ કરી સરકારની યોજનાઓનો લાભ લે તે જરૂરી છે. તેમણે મહિલાઓને રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત સ્વસહાય જૂથોનો ભાગ બનવા આહવાન કર્યું હતું

આ કાર્યક્રમમાં લખપતિ દીદીને સર્ટિફિકેટ વિતરણ, સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડ, કલસ્ટર લેવલ ફેડરેશનને કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ ફાળવણીના મંજૂરી પત્રો તથા કેશ ક્રેડિટ લોનના ચેકોનું વિતરણ તથા શ્રેષ્ઠ બેંક સખી, કૃષિ સખી તથા લખપતિ દીદીને સન્માનપત્રો આપીને બહુમાન કરવામાં આવ્યું હતું.

**(પરેશ મારૂ)**

--------------------------------------------------------------------------------

## રાજય-મુખ્ય સચિવ-વરસાદ સમીક્ષા બેઠક

ગુજરાતમાં હવામાન વિભાગ દ્વારા કરાયેલી ભારેથી અતિભારે વરસાદની આગાહીને ધ્યાને રાખીને મુખ્ય સચિવ શ્રી રાજકુમારના અધ્યક્ષ સ્થાને સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે રાજ્ય સરકારની તૈયારીઓ અંગે સમીક્ષા બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં મુખ્ય સચિવશ્રીએ વિવિધ વિભાગના નોડલ અધિકારીશ્રીઓ ઉપરાંત વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયેલા સર્વે જિલ્લા

કલેકટરશ્રીઓ તેમજ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓને સંભવિત જોખમ સામે એલર્ટ રહેવા સૂચન કર્યું હતું.

**(RNU અમદાવાદ)**

---

## રાજ્ય-વરસાદ આગાહી

રાજ્યભરમાં આવતીકાલથી ત્રણ દિવસ ક્યાંક ભારેથી અતિભારે તો કેટલાક જીલ્લાઓમાં મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે.. હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત સહિત કચ્છ અને સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગરમાં તો દમણ-દાદરાનગર હવેલીમાં ભારે વરસાદની આગાહીને પગલે રેડ એલર્ટ જાહેર કર્યું છે.

**(RNU અમદાવાદ)**

---

## રાજય-સરદાર સરોવર ડેમ જળ સપાટી

મધ્યપ્રદેશમાં ઉપરવાસમાં પડી રહેલા ભારે વરસાદને કારણે તેમજ ઓમકારેશ્વર બંધમાંથી છોડવામાં આવી રહેલ પાણીને કારણે સરદાર સરોવર બંધની સપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે. જેને કારણે ગઈકાલે બપોરે સરદાર સરોવર ડેમનાં ૧૫ દરવાજા ૧.૬૫ મીટર પહેલી વાર ખોલવામાં આવ્યા. સરદાર સરોવર બંધમાંથી કુલ **2** લાખ **12** હજાર કયુસેક પાણી છોડવામાં આવ્યુ છે. સત્તાવાળાઓએ નર્મદાના કાંઠા વિસ્તારના **28** ગામોને એલર્ટ કર્યા છે.

**(RNU અમદાવાદ)**

---

## કચ્છ-વરસાદ

સમગ્ર રાજયની સાથે કચ્છ જીલ્લામાં પણ ગઈકાલે એક થી અઢી ઈંચ જેટલી મેઘ મહેર વરસી હતી. હવામાન વિભાગે  આગામી તારીખ 30 ઓગષ્ટ સુધી જીલ્લામાં મધ્યમથી ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. તે સાથે

આવતીકાલે મંગળવારે  જીલ્લામાં અતિભારે વરસાદનું રેડ એલર્ટ જારી કરાયુ છે. ગઈકાલે પુર્વ કચ્છમાં રાપર-ગાંધીધામમાં  એક થી બે ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. તો પશ્ચિમ કચ્છના સરહદી ખાવડા સહિત પચ્છમ વિસ્તારમાં ગઈરાત્રે દોઢથી ત્રણ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

આકાશવાણીના અમારા સમાચાર મિત્ર નાના દિનારાના ફસલઅલીમામદ સમાએ  આજે સવારે ફોન પર માહિતી આપતા જણાવ્યુ હતું કે પચ્છમ વિસ્તારમાં કાળો ડુંગર, જુણા,જામ કુનરીયા, સહિતના વિસ્તારોમાં  વરસાદ થતાં પશુપાલકો અને ખેડુતોમાં  આનંદની લાગણી પ્રસરી છે.

દરમ્યાન જીલ્લા મથક ભુજમાં ગઈકાલ રાત્રે સાડા બાર વાગ્યાથી વરસાદી ઝાપટાનો દોર ચાલુ રહ્યો છે જે આજે સવાર સુધી  યથાવત રહ્યો છે.

**(આશુતોષ અંતાણી/NP)**

---